જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૯/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૧૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી ૫૬ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૦૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૨૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૨૧/૧૬

**સરદારનગરઃ** નીરૂબહેન ધારસીજી ઠાકોર (ઉ.વ.૩૫) (રહે.ગોલ્ડ પેલેસ ડાયમંડ પાર્કની બાજુમાં નાના ચીલોડા રોડ, નરોડા) એ તા.૧૮/૯/૧૬ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૯/૧૬ બપોરનાં ૧/૧૫ વાગ્યાના સુમારે નોબલનગર, પ્રેમપ્રકાશ આશ્રમ પાસેથી પોતાની પુત્રી સોનલ ઉર્ફે સોની (ઉ.વ.૧૪) ને ઘર નજીક રહેતો આરોપી પ્રદીપ શ્રીરામ રાજભર લલચાવી ફોસલાવી, જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

### સૃષ્ટી વિરુધ્ધના કૃત્યની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૭૨૨/૧૬

**કૃષ્ણનગરઃ** કૃષ્ણનગર વિસ્તારમાં રહેતા સાત વર્ષના છોકરાની માતાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પુત્ર અને સાહેદના ૮ વર્ષના છોકરાને આઇસક્રીમ આપવાની લાલચ આપી કૃષ્ણનગર સૈજપુર ખાતે રહેતા ૧૭ વર્ષના કિશોરે કાયદાના સંઘર્ષમાં આવી તા.૧૭/૯/૧૬ બપોરના સમયે તેના ઘરે લઇ જઇ બન્ને છોકરાઓ સાથે સૃષ્ટી વિરુધ્ધનું કૃત્ય કર્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર સી સંગાડા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે કૃષ્ણનગર પોલીસે કિશોરને અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૩/૧૬**

**રિવરફ્રન્ટ વેસ્ટઃ** ભગવતસિંહ માનસિંહ રાણાવત (ઉ.વ.૨૦) (રહે. ક્રુષ્ણા રો હાઉસ આઝાદનગર સોસાયટી ફતેહપુરા સરખેજ ધોળકા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૮/૯/૧૬ કલાક ૯/૨૦ વાગ્યા પહેલા સાબરમતી રિવરફ્રન્ટના પશ્ચીમ કિનારે વાસણા બેરેજ ડીપ ઘાટ નંબર-૫ ખાતે નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેન્દ્રસિંહ દિલીપસિંહ ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટીઃ** પમ્મી કુમારી વા/ઓ રોહિત કુમારસીંગ (ઉ.વ.૨૪) (રહે. ઈન્કમટેક્ષ સ્ટાફ ક્વાર્ટસ દર્પણ છ રસ્તા પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૧૮/૯/૧૬ રાતના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના (સાસરીમાં) ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ એ.સી.પી શ્રી "બી" ડિવિઝન ચલાવે છે.

**મેઘાણીનગરઃ** પિન્કીબહેન દિલીપભાઇ (લોધી) રાજપુત (રહે. પુષ્પાનગર ભગવતી સ્કુલની પાસે ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ કોઇ કારણસર તા.૧૮/૯/૧૬ કલાક ૧૦/૧૫ વગ્યા ના સુમારે પોતાના ઘરે (સાસરીમાં) પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ એ.સી.પી શ્રી "જી" ડિવિઝન ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)